પરિપત્ર:

વિષય: અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓને ફ્રી-શીપ કાર્ડ બાબત.

સંદર્ભ: ૧) નાયબ નિયામકશ્રી(અ.જા.ક.)ની કચેરી, જૂનાગઢના પત્ર ક્રમાંક નાનિ/૧૨૨૯/૨૦૨૪, તા.૦૬/૦૭/૨૦૨૪.
૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનાં પત્ર ક્રમાંક અજાક/ગ-૧/૬/૨૦૨૪-૨૫/૧૮૨૭-૧૮૬૦, તા.૧૨/૦૬/૨૦૨૪.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્રો અન્વયે જણાવવામાં આવે છે કે કેન્દ્ર સરકારશ્રીની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવે છે. ઉક્ત યોજના અંતર્ગત વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ માટે નિયમોનુસાર નિયત કરવામાં આવેલ શિક્ષણ ફી તથા નોન-રીફંડેબલ ફી વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ તરીકે ચૂકવવાની જોગવાઇ છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે રાજ્યની જુદી-જુદી સ્વનિર્ભર કોલેજો/સંસ્થા/પ્રાઇવેટ યુનિવર્સિટીઓમાં ચાલતાં અભ્યાસક્રમો માટે ફ્રી શીપ કાર્ડ અંગેની યોજના અમલમાં છે જે નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી દ્વારા ફ્રી-શીપ કાર્ડ આપવામાં આવે છે. આ ફ્રી-શીપ કાર્ડ ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે તથા આગળના શૈક્ષણિક વર્ષોની શરૂઆતમાં તેમના અભ્યાસક્રમ માટે નિયત થયેલી શિક્ષણ ફી ભરવાની રહેતી નથી. વિદ્યાર્થીઓનો કોલેજમાં પ્રવેશ થઇ ગયા પછી વિદ્યાર્થી દ્વારા ડિજીટલ ગુજરાત પોર્ટલ પર પ્રતિ વર્ષ શિષ્યવૃત્તિ માટે ઓનલાઇન અરજી કરવાની રહે છે. જે અરજી પર જિલ્લા કચેરી દ્વારા વિદ્યાર્થીને ડીબીટી(Direct Benefit Transfer) માધ્યમથી શિષ્યવૃતિની આધારબેઝ ચૂકવણી કરવામાં આવે છે. વિદ્યાર્થીએ શિષ્યવૃતિ પ્રાપ્ત થયા બાદ કોલેજ/સંસ્થામાં જમા કરાવવાની હોય છે. આમ છતાં જિલ્લ કચેરીમાં વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ રાજકીય/સામાજીક આગેવાનો દ્વારા રૂબરૂ તથા ટેલીફોનીક માધ્યમથી અવાર-નવાર કેટલીક સેલ્ફ ફાઇનાન્સ કોલેજ તેમજ પ્રાઇવેટ યુનિવર્સિટી દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ફ્રી-શીપ કાર્ડના આધારે પ્રવેશ ન આપવામાં આવતો હોવાની રજૂઆતો મળેલ છે. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ફ્રી-શીપ કાર્ડ હોવા છતાં ફરજીયાતપણે પ્રવેશ સમયે ફી જમા કરાવવા માટે દબાણ કરવામાં આવે છે. જેથી ઉક્ત યોજનાનો હેતુ સિધ્ધ થતો નથી તેમજ વિદ્યાર્થીઓને આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે જેથી યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજોને શિક્ષણ વિભાગના ઠરાવનું ચુસ્તપણે પાલન કરવા બાબતે તથા ફ્રી-શીપ કાર્ડ ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે તેમજ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં ફરજીયાતપણે ફી ભરવા અંગે દબાણ ન કરવા તથા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ પ્રાપ્ત થયા બાદ તેમની પાસેથી ફી ની વસુલાત કરવા જણાવવામાં આવે છે.

**ખાસ નોંધ: તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજનાં નોટીસબોર્ડ પર ફરજીયાતપણે લગાવવાનો રહેશે.**

ડી. ડી. એમ. સુખડીયા
કા.કુલસચિવ

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રોની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૯૧૧/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ.
તા.૦૮/૦૭/૨૦૨૪

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઇ.ટી.સેલ. વેબસાઇટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

નં.નાનિ/ ૧૨૨૮- /૨૦૨૪
નાયબ નિયામક(અ.જા.ક.)ની કચેરી
બ્લોક નં. ૧/૩, બહુમાળી ભવન
સરદારબાગ, જૂનાગઢ
ફોન નં. ૦૨૮૫-૨૬૩૦૩૫૮
dbcwo-jun@gujarat.gov.in
તારીખઃ- ૦૬/૦૭/૨૦૨૪

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી
............................................ (તમામ)
જિ.જૂનાગઢ

વિષયઃ- <u>અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના ફ્રી-શીપ કાર્ડ બાબત.</u>

સંદર્ભઃ- (૧) અત્રેની કચેરીને મળેલ સૌરાષ્ટ્ર દલીત સંગઠનની તા.૬/૭/૨૦૨૪ની લેખિત રજુઆત
(૨) કેન્દ્ર સરકારશ્રીની તા.૩૦/૩/૨૦૨૧ના File No.14011/04/2019-SCD-V-(Part-1)થી પ્રસિધ્ધ થયેલ ગાઇડ લાઇન
(૩) શિક્ષણ વિભાગના તા.૨૧/૮/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક સસક/૧૦૧૩/૫૪૯/છ
(૪) માન. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગુ.રા.ગાંધીનગરના પત્ર નં.અજાક/ગ-૧/૬/૨૦૨૪-૨૫/૧૮૨૭-૧૮૬૦ તા.૧૨/૬/૨૦૨૪

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સંદર્ભ (૨) મુજબ કેન્દ્ર સરકારશ્રીની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક અભ્યાસક્રમ માટે શિષ્યવૃતિનો લાભ આપવામાં આવે છે. ઉકત યોજના અંતર્ગત વિદ્યાર્થીના અભ્યાસક્રમ માટે નિયમોનુસાર નિયત કરવામાં આવેલ શિક્ષણ ફી તથા નોન રીફંડેબલ ફી વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ તરીકે ચુકવવાની જોગવાઇ છે. સંદર્ભ (૩)માં દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે રાજયની જુદી-જુદી સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/સંસ્થા/પ્રાઇવેટ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો માટે ફ્રી શીપ કાર્ડ અંગેની યોજના અમલમાં છે. જે નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી દ્વારા ફ્રી-શીપ કાર્ડ આપવામાં આવે છે. આવા ફ્રી-શીપ કાર્ડ ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે તથા આગળના શૈક્ષણિક વર્ષોની શરૂઆતમાં તેમના અભ્યાસક્રમ માટે નિયત થયેલી શિક્ષણ ફી ભરવાની રહેતી નથી. વિદ્યાર્થીનો કોલેજમાં પ્રવેશ થઇ ગયા પછી વિદ્યાર્થી દ્વારા ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર

પ્રતિ વર્ષ શિષ્યવૃતિ માટે ઓનલાઇન અરજી કરવાની રહે છે. જે અરજી પર જિલ્લા કચેરી દ્વારા વિદ્યાર્થીને ડીબીટી માધ્યમથી શિષ્યવૃતિની આધારબેઝ ચુકવણી કરવામાં આવે છે. વિદ્યાર્થી શિષ્યવૃતિ પ્રાપ્ત થયા બાદ કોલેજ/સંસ્થામાં જમા કરાવવાની હોય છે.

આમ છતાં જિલ્લા કચેરીમાં વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ રાજકીય/સામાજિક આગેવાનો દ્વારા રૂબરૂ તથા ટેલીફોનીક માધ્યમથી અવાર-નવાર કેટલીક સેલ્ફ ફાઇનાન્સ કોલેજ તેમજ પ્રાઇવેટ યુનિવર્સિટી દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીને ફ્રી-શીપ કાર્ડના આધારે પ્રવેશ ન આપવામાં આવતો હોવાની રજુઆતો મળે છે. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ફ્રી-શીપ કાર્ડ હોવા છતાં ફરજીયાત પણે પ્રવેશ સમયે ફી જમા કરાવવા માટે દબાણ કરવામાં આવે છે. જેથી ઉકત યોજનાનો હેતુ સિધ્ધ થતો નથી તેમજ વિદ્યાર્થીઓને આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

જે અંગે આપની કક્ષાએથી તમામ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોને શિક્ષણ વિભાગના ઠરાવનું ચુસ્તપણે પાલન કરવા બાબતે તથા ફ્રી-શીપ કાર્ડ ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે તેમજ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં ફરજીયાતપણે ફી ભરવા અંગે દબાણ ન કરવા તથા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ પ્રાપ્ત થયા પછી તેમની પાસેથી ફીની વસુલાત કરવા જરૂરી સૂચના આપવા વિનંતી છે.

(સી.પી.પવાર)
નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
જૂનાગઢ

<u>બિડાણઃ-</u>
સંદર્ભ પત્ર (૩) અને (૪)ની નકલ

<u>નકલ રવાનાઃ-</u>
સંયોજકશ્રી, સૌરાષ્ટ્ર દલીત સંગઠન, જૂનાગઢ

<u>નકલ સવિનય રવાનાઃ-</u>
માન. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર

નં.અજાક/ગ-૧/૬/૨૦૨૪-૨૫/૧૮૨૭-૧૮૬૦
નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail - Dd1-dscw@gujarat.gov.in
૦૭૯-૨૩૨ ૫૩૨૪૧
તા.૧૨/૦૬/૨૦૨૪

પ્રતિશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
બીજો માળ, બ્લોક નં.૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નાયબ નિયામક (અ.જા.)
ની કચેરી-જૂનાગઢ
ઈનવર્ડ નં.......
તારીખ.......

વિષય – અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના ફ્રીશીપ કાર્ડ બાબત...

સંદર્ભ – ૧) કેન્દ્ર સરકારશ્રીની તા.૩૦-૦૩-૨૦૨૧ના File No. 14011/04/2019-SCD-V-(Part-I)થી પ્રસિદ્ધ થયેલ ગાઈડ લાઈન.

૨) શિક્ષણ વિભાગના તા.તા.૨૧-૦૮-૨૦૧૩ના ઠરાવ ક્રમાંક સસક/૧૦૧૩/૫૪૯/છ

સવિનય ઉપર્યુકત વિષય અંગે જણાવવાનું કે, સંદર્ભ ૧)માં દર્શાવેલ કેન્દ્ર સરકારશ્રીની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક અભ્યાક્રમ માટે શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવે છે. ઉક્ત યોજના અંતર્ગત વિદ્યાર્થીના અભ્યાસક્રમ માટે નિયમોનુસાર નિયત કરવમાં આવેલ શિક્ષણ ફી તથા નોન રિફંડેબલ ફી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તરીકે ચુકવવાની જોગવાઈ છે. સંદર્ભ ૨)માં દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે રાજ્યની જુદી જુદી સેલ્ફ ફાઇનાન્સ કૉલેજો/સંસ્થા/પ્રાઇવેટ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો માટે ફ્રી શીપ કાર્ડ અંગેની યોજના અમલમાં છે. કેન્દ્ર સરકારશ્રીની ઉક્ત પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને તેમના જિલ્લામાં આવેલી નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા ફ્રીશીપ કાર્ડ આપવામાં આવે છે. આવા ફ્રી શીપ કાર્ડ ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને તેમની કૉલેજ/સંસ્થા/પ્રાઈવેટ યુનિવર્સિટીમાં પ્રવેશ સમયે તથા આગળના શૈક્ષણિક વર્ષોની શરૂઆતમાં તેમના અભ્યાક્રમ માટે નિયત થયેલી શિક્ષણ ફી ભરવાની રહેતી નથી. વિદ્યાર્થીનો કૉલેજમાં પ્રવેશ થઈ ગયા પછી વિદ્યાર્થી દ્વારા ડીજીટલ ગુજરાત પોર્ટલ પર પ્રતિવર્ષ  શિષ્યવૃત્તિ માટે ઑનલાઈન અરજી કરવાની રહે છે. જે અરજી પર જિલ્લા કચેરી દ્વારા નિયમોનુસાર કાર્યવાહી કરી વિદ્યાર્થીને ડીબીટી માધ્યમથી શિષ્યવૃત્તિની આધરબેઝ ચુકવણી કરવામાં આવે છે. વિદ્યાર્થી શિષ્યવૃત્તિ પ્રાપ્ત થયા બાદ તેમની ફી જમા કરાવવાની હોય

છે. આમ ફ્રીશીપ કાર્ડની યોજના થકી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે તથા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં કોલેજમાં ફી ભરવામાંથી રાહત મળે છે તેમજ તેમને ઇચ્છિત ક્ષેત્રમાં અભ્યાસ કરવા માટે પૂરેપૂરો અવકાશ મળી રહે છે. કેન્દ્ર સરકારશ્રી દ્વારા પણ ઉક્ત ગાઈડલાઈનમાં દરેક રાજ્ય સરકારને આ પ્રમાણેની યોજના લાગુ કરવા માટે નિર્દેશ કરેલ છે.

પરંતુ અત્રેની કચેરીમાં તથા જિલ્લા કચેરીઓમાં વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ તેમજ રાજકીય/સામાજિક આગેવાનો દ્વારા રૂબરૂ તથા ટેલિફોનિક માધ્યમથી અવારનવાર કેટલીક સેલ્ફ ફાઇનાન્સ કોલેજ તેમજ પ્રાઈવેટ યુનિવર્સિટી દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીને ફ્રીશીપ કાર્ડના આધારે પ્રવેશ ન આપવામાં આવતો હોવાની રજૂઆતો મળે છે. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ફ્રીશીપ કાર્ડ હોવા છતાં ફરજિયાતપણે પ્રવેશ સમયે ફી જમા કરાવવા માટે દબાણ કરવામાં આવે છે. જેથી ઉક્ત યોજનાનો હેતુ સિદ્ધ થતો નથી તેમજ વિદ્યાર્થીઓને આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

જે અંગે આપની કક્ષાએથી તમામ ખાનગી યુનિવર્સિટી/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/સંસ્થામાં સંદર્ભ ૨)માં દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવનું ચુસ્તપણે પાલન કરવા બાબતે તથા ફ્રી શીપ કાર્ડ ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે તેમજ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં ફરજિયાતપણે ફી ભરવા અંગે દબાણ ન કરવા તથા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પ્રાપ્ત થયા પછી તેમની પાસેથી ફીની વસૂલાત કરવા જરૂરી સૂચના આપવા વિનંતી છે.

સંયુક્ત નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

બિડાણ – ઉપર મુજબ

નકલ રવાના -

નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, જિલ્લો ________(તમામ) તરફ જાણ સારૂ.

અનુસુચિત જાતિના વિધાર્થીઓને
પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપમાં ફ્રી શીપ
કાર્ડ આપવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:સસક/૧૦૧૩/૫૪૯/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૧-૦૮-૨૦૧૩.

**વંચાણે લીધો:-**

૧) ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧-૧૨-૨૦૧૦નો પત્ર ક્રમાંક:૧૧૦૧૭/૦૧/૨૦૦૮/એસસીડી/૫

૨) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણનો તા.૮-૨-૨૦૧૩નો પત્ર ક્રમાંક: અજાક/ગ.૧/૧/૨૦૧૨-૧૩/૪૨૨

૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની ફાઇલ ક્રમાંક:અજાક/૨૦૧૩/ ૩૭૯૯૧૯/ગ.

**આમુખ:-**

ભારત સરકાર ધ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના પત્રથી અનુસુચિત જાતિના વિધાર્થીઓ માટે ભારત સરકાર પુરસ્કૃત પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનાની અમલવારી અર્થે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૨) ના નિયામકશ્રી, અનુસૂચિત જાતિના પત્ર અન્વયે શિક્ષણ વિભાગ હસ્તકની સ્વનિર્ભર સંસ્થાઓને સુચનાઓ આપવા બાબતે ઉકત કચેરીએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને દરખાસ્ત રજુ કરેલ છે. અનુસુચિત જાતિના વિધાર્થીઓ કે જેઓએ સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ મેળવેલ હોય તેઓ ધ્વારા જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ આપેલ બાંહેધરી પત્રકને આધારે સંસ્થામાં વિધાર્થીએ ભરવાપાત્ર થતી ફી વિધાર્થીઓ પાસેથી મેળવ્યા સિવાય પ્રવેશ આપવા સુચનાઓ આપવાની બાબતે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૩) ઉપરની સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની ફાઇલ

પરની દરખાસ્ત જોતાં શિક્ષણ સંલગ્ન સ્વનિર્ભર સંસ્થાઓને સુચનાઓ આપવા અંગેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વઃ-

ઉપર આમુખમાં જણાવેલ સંજોગો તથા ભારત સરકાર તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની દરખાસ્તને ધ્યાને લેતાં શિક્ષણ વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતી યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર સંસ્થાઓમાં રાજયના અનુસુચિત જાતિના વિધાર્થીઓ કે જેઓ ભારત સરકારની ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરની યોજના હેઠળ પાત્રતા ધરાવતા હોય તેઓને જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવનાર ફ્રી શીપ કાર્ડ રજુ થયેથી આવા વિધાર્થીઓને શિક્ષણ વિભાગ હેઠળની સ્વનિર્ભર સંસ્થાઓમાં જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ આપેલ બાંહેધરી / ફ્રી શીપ કાર્ડ અન્વયે પ્રવેશ આપવા નીચેની શરતોએ આથી શિક્ષણ વિભાગ હેઠળની તમામ સ્વનિર્ભર સંસ્થાઓને જણાવવામાં આવે છે.

શરતોઃ—

૧. અનુસુચિત જાતિના વિધાર્થીઓ માટે ભારત સરકાર પુરસ્કૃત પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના અન્વયે ફ્રી શીપ કાર્ડની પાત્રતા ધરાવતા વિધાર્થીઓ બાબતે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી ધ્વારા પુરતી કાળજી રાખી ભારત સરકારની યોજના મુજબના તમામ માપદંડો મુજબ પાત્ર ઠરતા હોય તેવા વિધાર્થીઓની ખાત્રી કરી ફ્રી શીપ કાર્ડ આપવાના રહેશે.

૨. ભારત સરકારની આ યોજના જે સમયાવધી સુધી અમલમાં રહેશે ત્યાં સુધી જ શિક્ષણ વિભાગની આ સુચનાઓ અમલમાં રહેશે. ત્યારબાદ તેને આપોઆપ રદ ગણવાની રહેશે.

3. શિક્ષણ વિભાગ સંલગ્ન સ્વનિર્ભર સંસ્થાઓમાં શૈક્ષણિક સત્ર શરૂ થઇ ગયા બાદ અનુસુચિત જાતિના જે વિધાર્થીઓ ભારત સરકાર પુરસ્કૃત પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના અન્વયે ફ્રી શીપ કાર્ડની પાત્રતા મેળવશે તેઓના ફ્રી શીપ કાર્ડ રજુ થયેથી સ્વનિર્ભર સંસ્થાઓએ આવા

લાભાર્થી વિધાર્થીઓ પાસેથી ફી ની વસુલાત કરેલ હોય તો જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીની બાંહેધરીને ધ્યાને લઇ તેટલી રકમ વિધાર્થીને પરત કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એન.ડી.હળપતિ )
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
રજીસ્ટ્રારશ્રી, સર્વે યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય (કમિશ્નર, ઉ.શિ. મારફત)
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
સિલેકટ ફાઇલ.